# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-04-2026** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : SUNDAY** **National News**

**આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.**

***************************************************

**1)** **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં તમિલનાડુમાં ફાસ્ટ બ્રીડર રિએક્ટર દ્વારા ક્રિટિકલિટી હાંસલ કરીને ભારતનું ગૌરવ વધારવા બદલ દેશના પરમાણુ વૈજ્ઞાનિકોની પ્રશંસા કરી.**

**2)** **દેશમાં ચાલી રહેલા વસ્તી ગણતરી અભિયાનમાં સહયોગ આપવા પ્રધાનમંત્રીએ નાગરિકોને અપીલ કરી. ગુજરાતમાં પવન ઉર્જા ક્ષેત્રે થયેલી કામગીરી પર પ્રધાનમંત્રીએ પ્રકાશ પાડ્યો.**

**3)** **પ્રધાનમંત્રીએ વોશિંગ્ટન ડીસીમાં બનેલી ગોળીબારની ઘટનાની ટીકા કરી.**

**4)** **ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદારોનું ઉત્સાહપૂર્વક મતદાન.**

**5)** **ભારતે જોહાનિસબર્ગમાં રમાયેલી ચોથી મહિલા ટી 20 ક્રિકેટ મેચમાં દક્ષિણ આફ્રિકાને 14 રને હરાવ્યું.**

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# PM MODI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે તમિલનાડુના કલ્પક્કમમાં ફાસ્ટ બ્રીડર રિએક્ટર દ્વારા ક્રિટિકલિટી હાંસલ કરીને ભારતનું ગૌરવ વધારવા બદલ દેશના પરમાણુ વૈજ્ઞાનિકોની પ્રશંસા કરી. આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે ક્રિટિકલિટી એ તબક્કો છે જેમાં રિએક્ટર પ્રથમ વખત સફળતાપૂર્વક સ્વ-નિર્ભર પરમાણુ સાંકળ પ્રતિક્રિયા પ્રાપ્ત કરે છે. આ તબક્કો રિએક્ટરના ઓપરેશનલ તબક્કામાં પ્રવેશવાનો સંકેત આપે છે.

**(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી 1415--PM---CRITICALITY-MAAN-KI-BAAT)**

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે દેશના વૈજ્ઞાનિકો નાગરિક પરમાણુ કાર્યક્રમને આગળ વધારી રહ્યા છે અને રાષ્ટ્રનિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. પ્રધાનમંત્રી મોદીએ પવન ઊર્જાની શક્તિ વિશે પણ વાત કરતા કહ્યું કે આ શક્તિ ભારતને આગળ ધપાવી રહી છે. ભારતની પવન ઊર્જા ઉત્પાદન ક્ષમતા હવે 56 ગીગાવોટથી વધુ થઈ ગઈ છે. ગુજરાતના કચ્છ, પાટણ અને બનાસકાંઠા જેવા વિસ્તારોમાં મોટા નવીનીકરણીય ઊર્જા પાર્ક બની રહ્યા છે. પ્રધાનમંત્રીએ સંતોષ વ્યક્ત કર્યો કે યુવાનો રોજગાર માટે નવી તકો અને માર્ગોનો લાભ લઈ રહ્યા છે.

**(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી PM--WIND-ENERGY-PARTEK--MAAN-KI-BAAT--26-04-26)**

પ્રધાનમંત્રીએ વસ્તી ગણતરી અભિયાનનો ઉલ્લેખ કરતાં કહ્યું દરેક ભારતીયે વસ્તી ગણતરી અભિયાનથી વાકેફ હોવું જોઈએ, જે વિશ્વની સૌથી મોટી વસ્તી ગણતરી છે.

(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી 1415-PM-CENSUS--MAAN-KI-BAAT--26-04-26)

શ્રી મોદીએ બુદ્ધ પૂર્ણિમાની અગ્રિમ શુભેચ્છા પાઠવતા કહ્યું કે ભગવાન બુદ્ધનો સંદેશ આજે પણ એટલો જ સુસંગત છે. તેમણે કહ્યું કે આજે વિશ્વ જે તણાવ અને સંઘર્ષોમાંથી પસાર થઈ રહ્યું છે તે વચ્ચે બુદ્ધના ઉપદેશો વધુ મહત્વપૂર્ણ બની ગયા છે. તેમણે કચ્છના રણમાં આવતા ફ્લેમિંગો ઉલ્લેખ કરતાં કહ્યું કે કચ્છના લોકો તેમને 'લખા જી કે બારાતી' કહે છે. તેમણે ખુશી વ્યક્ત કરી કે હવે, લાખા જી કે બારાતી કચ્છમાં પર્યાવરણીય સંરક્ષણનું એક સુંદર પ્રતીક બની ગયું છે. શ્રી મોદીએ ઉત્તર પ્રદેશના ગજ મિત્ર" જેવા પ્રયાસો છત્તીસગઢમાં કાળા હરણના સંરક્ષણમાં વધારો ,ગ્રેટ ઇન્ડિયન બસ્ટાર્ડના સંરક્ષણ માટે એક અભિયાન જેવી બાબતોનો પણ આજના કાર્યક્રમમાં ઉલ્લેખ કર્યો હતો..

(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી 1400-PM-ON-GREAT-INDIAN-BUSTARD)

પ્રધાનમંત્રીએ વાંસ ક્ષેત્રમાં ઉત્તરપૂર્વમાં તે હવે રોજગાર, વ્યવસાય અને નવીનતાને નવી ગતિ આપી રહ્યું છે. પ્રધાનમંત્રી મોદીએ ભાર મૂક્યો કે બીટિંગ રીટ્રીટ પ્રજાસત્તાક દિવસના તહેવારોનો એક મહત્વપૂર્ણ ભાગ છે. જેમાં વાયુસેના, સેના, નૌકાદળ અને CAPF બેન્ડે ઉત્તમ પ્રદર્શન કર્યું. પ્રધાનમંત્રીએ ભારતના રાષ્ટ્રીય આર્કાઇવ્સે 20 કરોડથી વધુ અમૂલ્ય દસ્તાવેજોને ડિજિટાઇઝ અને જાહેર કર્યા છે. તેમણે દસ્તાવેજોમાં રાણી લક્ષ્મીબાઈ સંબંધિત કેટલાક મહત્વપૂર્ણ પત્રો પણ શામેલ છે, જે 1857 માં તેમણે લીધેલા કેટલાક નિર્ણયો જાહેર કરે છે. નેતાજીના જીવન, આઝાદ હિંદ ફોજ અને તેમના ભાષણો સાથે સંબંધિત ઘણા દસ્તાવેજો છે. ઘણા

દસ્તાવેજો પંડિત મદન મોહન માલવિયા સાથે સંબંધિત છે, જેમાં BHU ની સ્થાપના અને હિન્દી સાહિત્ય સંમેલન સંબંધિત મહત્વપૂર્ણ માહિતીનો સમાવેશ થાય છે.

રાષ્ટ્ર 9મી મેના રોજ 'પોચીશે વૈશાખ' નિમિત્તે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરની જન્મજયંતિ ઉજવશે. શ્રી મોદીએ ગુરુદેવ ટાગોરને શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે તેઓ એક બહુપક્ષીય વ્યક્તિત્વ હતા જેમણે ઘણી પ્રખ્યાત સંસ્થાઓને આકાર આપ્યો. પોતાના સંબોધનના સમાપન કરતાં, શ્રી મોદીએ બાળકોને ઉનાળાની રજાઓનો સંપૂર્ણ આનંદ માણવા અને કંઈક નવું શીખવાનો પ્રયાસ કરવા અપીલ કરી. તેમણે ઉનાળાની ઋતુ દરમિયાન દરેકને તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવા કહ્યું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# GUJARAT POLLING

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન થઇ રહ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના નારણપુરા ખાતે જ્યારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમદાવાદના શીલજ ખાતે પરિવાર સાથે મતદાન કર્યું. વહેલી સવારથી મતદારોમાં મતદાનને લઈને ઉત્સાહ જોવા મળી રહયો છે.

અત્યાર સુધીમાં મહાનગરપાલિકાઓમાં 21 ટકા, નગરપાલિકાઓમાં 292 જિલ્લા પંચાયતોમાં 30 ટકા જ્યારે તાલુકા પંચાયતોમાં 31 ટકા સરેરાશ મતદાન થયું છે.

રાજ્ય ચૂંટણી પંચે મતદાન પ્રક્રિયાને સરળ બનાવવા 48 હજાર મતદાન મથકો પર વ્યાપક સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરી છે.

મતદાન સાંજે ૬ વાગ્યા સુધી ચાલશે. મતગણતરી ૨૮ એપ્રિલે યોજાશે.

# WB-CAMPAIGN SCHEDULE

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાનો ચૂંટણી પ્રચારે વેગ પકડ્યો છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બપોરે ઠાકુરનગર ખાતે જાહેર સભાને સંબોધિત કરશે અને ત્યારબાદ મતુઆ ઠાકુર મંદિરની મુલાકાત લેશે. શ્રી મોદી હરિપાલ ખાતે બીજી જાહેર સભા કરશે. પ્રધાનમંત્રી કોલકાતામાં સાંજે સાડા પાંચ વાગ્યે રોડ શો કરશે.

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ તેહટ્ટા, નાદિયા અને અનુલિયા ખાતે રેલીને સંબોધન કરશે.

તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જી પોતાના મતવિસ્તાર, ભવાનીપુરમાં પ્રચાર કરશે તો પાર્ટીના મહાસચિવ અભિષેક બેનર્જી મગરાહટ પશ્ચિમમાં રેલીને સંબોધન કરશે.

સીપીઆઈએમ, કોંગ્રેસ અને આઈએસએફ દ્વારા આજે રાજ્યભરમાં શ્રેણીબદ્ધ રેલીઓ અને રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે.

# GOVT- WHEAT PRODCUTION

વર્ષ 2025-26 માટે ઘઉંના ઉત્પાદનના બાબતે મીડિયા અહેવાલોના અંગે સરકારે સ્પષ્ટતા કરી છે કે કેટલાક રાજ્યોમાં હવામાન સંબંધિત પડકારો હોવા છતાં, દેશમાં ઘઉંનું ઉત્પાદન મિશ્ર અને સ્થિતિસ્થાપક રહ્યું છે. કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે જણાવ્યું હતું કે ઘઉંની મોસમને ખેડૂતો દ્વારા લેવામાં આવેલા મજબૂત અનુકૂલનશીલ પગલાં દ્વારા ટેકો મળ્યો છે. અંદાજિત ૩૩.૪ મિલિયન હેક્ટરથી વધુ વિસ્તારમાં પાકનું વાવેતર કરવામાં આવ્યું હતું. ગયા વર્ષની સરખામણીમાં વહેલી અને સમયસર વાવણીમાં વધારો થવાથી વાવેતર વિસ્તારમાં વધારો થયો હતો.

મંત્રાલયે જણાવ્યુ, સુધારેલી, આબોહવા-સ્થિતિસ્થાપક અને રોગ-પ્રતિરોધક ઘઉંની જાતોને વધુ અપનાવવાથી પાકની ગરમી અને અન્ય સ્થિતિનો સામનો કરવાની ક્ષમતા મજબૂત થઈ છે.

# FUR.-REV.-TRUMP-ATTACK

અમેરિકાના વોશિંગ્ટનમાં વ્હાઇટ હાઉસ કોરસપોન્ડન્ટ ડિનર દરમિયાન થયેલા ગોળીબારમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમની પત્નીનો આબાદ બચાવ થયો છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પત્ની મેલાનિયા ટ્રમ્પ અને ઉપરાષ્ટ્રપતિ જે ડી વાન્સને સુરક્ષા જવાનો દ્વારા ઘટના સ્થળેથી સલામત બહાર કાઢવામાં આવ્યા હતા.

ઘટના બાદ પત્રકારોને સંબોધતા શ્રી ટ્રમ્પે કહ્યું, ગુપ્ત સેવા અને કાયદા અમલીકરણ એજન્સીઓએ સશસ્ત્ર હુમલાખોરને પકડી પાડ્યો છે. તેમણે સુરક્ષા જવાનો ત્વરિત કાર્યવાહીની પ્રસંશા કરી. તેમણે કહ્યું કે એક અધિકારીને નજીકથી ગોળી વાગી હતી, પરંતુ તેને બચાવી લેવામાં આવ્યા છે.

ઘટનાને પગલે અધિકારીઓએ આસપાસના રસ્તાઓ સીલ કરી દીધા હતા, અને વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

# PM - TRUMP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વોશિંગ્ટન ડીસીની એક હોટલમાં બનેલી ઘટના બાદ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, પ્રથમ મહિલા મેલાનિયા ટ્રમ્પ અને ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સની  સલામતી અને સુખાકારીની કામના કરી.

એક સંદેશમાં તેમણે કહ્યું કે લોકશાહીમાં હિંસાનું કોઈ સ્થાન નથી અને તેની સ્પષ્ટપણે નિંદા થવી જોઈએ.

# BANGLADESH - TERROR ALERT

બાંગ્લાદેશમાં સંસદ પરિસર સહિત મુખ્ય સ્થળોએ સંભવિત આતંકવાદી હુમલાઓને લઈને રાષ્ટ્રવ્યાપી સુરક્ષા ચેતવણી જાહેર કરવામાં આવી છે. તાજેતરમાં પ્રતિબંધિત આતંકવાદી સંગઠનના કાર્યકર્તા, ઇસ્તિયાક અહેમદ સામી ઉર્ફે અબુ બક્કરની ધરપકડ બાદ ગુપ્તચર અહેવાલોના આધારે આ ચેતવણી જાહેર કરવામાં આવી  છે. અબુ બક્કર કથિત રીતે બરતરફ કરાયેલા સૈન્ય કર્મચારીઓના સંપર્કમાં હતો.

કાયદા અમલીકરણ અધિકારીઓને ટાંકીને, મીડિયા અહેવાલોમાં જણાવાયું છે કે આતંકવાદી જૂથ હુમલાઓ કરવા અનેક પદ્ધતિઓ અપનાવી શકે છે. જેને લઈને પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો છે.

# WOMEN T20

ભારતે જોહાનિસબર્ગમાં ગઈકાલે રમાયેલી ચોથી મહિલા ટી 20 ક્રિકેટ મેચમાં દક્ષિણ આફ્રિકાને 14 રને હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા ભારતે નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટે 185 રન બનાવ્યા હતા. જવાબમાં દક્ષિણ આફ્રિકા નવ વિકેટે માત્ર 171 રન જ બનાવી શક્યું. ભારત તરફથી પાંચ વિકેટ અને અણનમ 36 રન બનાવનાર દીપ્તિ શર્માને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

# DAY IPL CRICKET

IPL ક્રિકેટમાં, આજે બે મેચ રમાશે. ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે ચેન્નાઈ સુપર કિંગ્સનો મુકાબલો ગુજરાત ટાઇટન્સ સામે થશે. આ મેચ બપોરે સાડા ત્રણ વાગ્યે શરૂ થશે.

બીજી મેચમાં, લખનૌ સુપર જાયન્ટ્સ આજે સાંજે લખનૌના ભારત રત્ન અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે કોલકાતા નાઈટ રાઇડર્સ સામે ટકરાશે. આ મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

# NCB – MANIPUR

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો - NCBએ આસામ રાઇફલ્સ અને મણિપુર પોલીસ સાથેની સંયુક્ત કાર્યવાહીમાં ચુરાચંદપુરમાં ગેરકાયદે બજારમાંથી 11 કરોડ રૂપિયાની કિંમતનો માદક પદાર્થ જપ્ત કર્યો. આ માદક પદાર્થ સાબુના સ્વરૂપમાં વેચવામાં આવતો હોવાનું સામે આવ્યું છે. હેરોઇનના 474 સાબુના કેસ જપ્ત કર્યા છે.

NCB એ એક નિવેદનમાં જણાવ્યું કે આ પ્રતિબંધિત પદાર્થ એક વાહનમાં છુપાવેલો હતો. આ કેસમાં 5.4 કિલો વજનના પ્રતિબંધિત પદાર્થ સાથે ત્રણની ધરપકડ કરવામાં આવી છે.